દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

રવિવાર ૧૫ નવેમ્બર, ૨૦૨૬

પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ ફરી માથું ઉંચકે તે પહેલા જ ડામી દેવો જોઇએ

તાજેતરમાં જમ્મુ કાશ્મીરમાં બે સિનિયર અધિકારીની હત્યા અને સીઆરપીએફ ચોકી પર હુમલો એ દર્શાવે છે કે પાકિસ્તાને ઓપરેશન સિંદૂર બાદ ફરીત તેની આતંકવાદી ગતિવિધીને અંજામ આપવાનું શરુ કર્યું છે જો તે માથું ઉઠાવે તે પહેલા જ તેને ડામી દેવો જોઇએ. આંતરરાષ્ટ્રીય રાજનીતિ અને સુરક્ષા નિષ્ણાતોના મતે, દક્ષિણ એશિયામાં સ્થિરતા અને શાંતિ માટે પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ દાયકાઓથી સૌથી મોટો અવરોધ રહ્યો છે. ભારતીય સુરક્ષા એજન્સીઓ અને વિવિધ આંતરરાષ્ટ્રીય થિંક-ટેન્કના અહેવાલો અનુસાર, ૧૯૮૦ના દાયકાથી પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ISI અને સેના દ્વારા 'બ્લીડ ઈન્ડિયા વિથ અ થાઉઝન્ડ કટ્સ' (હજારો ઘા આપીને ભારતને લોહીલુહાણ કરવું) ની વ્યૂહરચના હેઠળ આતંકવાદનો એક વિદેશ નીતિના હથિયાર તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. જોકે, સમયની સાથે, વૈશ્વિક રાજદ્વારી દબાણ અને ભારતની બદલાયેલી આક્રમક સુરક્ષા નીતિઓને કારણે આ આતંકવાદી માળખાએ પોતાનું સ્વરૂપ, કાર્યપદ્ધતિ અને વ્યૂહરચનામાં મોટા ફેરફારો કર્યા છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) અને અમેરિકાના વિદેશ વિભાગના વિવિધ અહેવાલોમાં એ બાબત સ્પષ્ટપણે નોંધવામાં આવી છે કે પાકિસ્તાનની ધરતી પરથી લશ્કર-એ-તૈયબા (LeT), જૈશ-એ-મોહમ્મદ (JeM) અને હિઝબુલ મુજાહિદ્દીન જેવા પ્રતિબંધિત સંગઠનો વર્ષોથી સક્રિય રહ્યા છે. સેના અને ગુપ્તચર સંસ્થાની ભૂમિકાઃ સંરક્ષણ વિશ્લેષકોના મતે, પાકિસ્તાનમાં લોકતાંત્રિક સરકાર કરતા સેના અને ISI નું વર્ચસ્વ વધુ રહ્યું છે. કાશ્મીર મુદ્દાને જીવંત રાખવા અને ભારત સામે પરંપરાગત યુદ્ધમાં સીધી ટક્કર લેવાની અક્ષમતાને કારણે પાકિસ્તાની સંસ્થાઓએ આતંકવાદી જૂથોને 'પ્રોક્સી' (છદ્મ) દળો તરીકે ઉછેર્યા છે. તાલીમ કેમ્પ અને લોન્ચપેડ્સઃ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) અને પંજાબ પ્રાંતમાં આવેલા આતંકવાદી તાલીમ કેમ્પોમાં યુવાનોને કટ્ટરપંથી બનાવી, હથિયારોની તાલીમ આપીને નિયંત્રણ રેખા (LoC) નજીકના લોન્ચપેડ્સ પર મોકલવામાં આવે છે, જ્યાંથી તક મળતા જ ભારતીય સરહદમાં ઘૂસણખોરી કરાવવામાં આવે છે. ફાઈનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) દ્વારા પાકિસ્તાનને 'ગ્રે લિસ્ટ'માં મૂકવામાં આવ્યા બાદ અને આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) તરફથી મળતી આર્થિક સહાય પર કડક શરતો લાદવામાં આવતા પાકિસ્તાન પર આતંકવાદી ફંડિંગ રોકવાનું ભારે દબાણ ઊભું થયું હતું. મુખોટા સંગઠનોનો ઉદ્ભવઃ ભારતીય ગૃહ મંત્રાલય અને સુરક્ષા એજન્સીઓના દસ્તાવેજો દર્શાવે છે કે વૈશ્વિક પ્રતિબંધોથી બચવા માટે પાકિસ્તાને જૂના અને બદનામ થયેલા સંગઠનોના નામ બદલીને નવા નામ ધારણ કર્યા છે. 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' (TRF), 'પિપલ્સ એન્ટિ-ફાસિસ્ટ ફ્રન્ટ' (PAFF) અને 'કાશ્મીર ટાઈગર્સ' જેવા નામો પાછળ વાસ્તવમાં લશ્કર અને જૈશનું જ માળખું કામ કરી રહ્યું છે. સ્થાનિક સ્વરૂપ આપવાનો પ્રયાસઃ આ નવા નામો ધર્મનિરપેક્ષ અથવા રાજકીય પ્રતિકાર જેવા રાખવામાં આવ્યા છે, જેથી આંતરરાષ્ટ્રીય સમુદાય સમક્ષ એવું ચિત્ર ઊભું કરી શકાય કે જમ્મુ-કાશ્મીરમાં ચાલી રહેલી હિંસા પાકિસ્તાન પ્રાયોજિત નથી, પરંતુ સ્થાનિક લોકોનો આંતરિક બળવો છે. આધુનિક સમયમાં આતંકવાદ માત્ર AK-47 અને ગ્રેનેડ પૂરતો મર્યાદિત રહ્યો નથી. સુરક્ષા નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદે હવે 'હાઇબ્રિડ' અને 'ટેકનો-ટેરરિઝમ'નું સ્વરૂપ ધારણ કર્યું છેઃ ડ્રોન દ્વારા હથિયારો અને ડ્રગ્સની હેરાફેરી (Nar-co-Terrorism): સરહદ પર ભારતીય સેનાની ચુસ્ત ઘેરાબંધીને કારણે સીધી ઘૂસણખોરી મુશ્કેલ બનતા, હવે પંજાબ અને જમ્મુની આંતરરાષ્ટ્રીય સરહદે ડ્રોનનો ઉપયોગ વધ્યો છે. આ ડ્રોન મારફતે હથિયારો, વિસ્ફોટકો (IED) અને કરોડો રૂપિયાના ડ્રગ્સ (હેરોઈન) મોકલવામાં આવે છે, જેના વેચાણમાંથી થતી આવકનો ઉપયોગ આતંકવાદી પ્રવૃત્તિઓને ફંડ કરવા માટે થાય છે. યુવાનોનું બ્રેઈનવોશ કરવા અને સ્લીપર સેલ્સને સૂચનાઓ આપવા માટે હવે એન્ક્રિપ્ટેડ મેસેજિંગ એપ્સ, વર્ચ્યુઅલ નંબર્સ અને ડાર્ક વેબનો ઉપયોગ થાય છે, જેના કારણે ગુપ્તચર એજન્સીઓ માટે તેમના મૂળ સુધી પહોંચવું પડકારજનક બને છે. ટાર્ગેટ કિલિંગ અને હાઇબ્રિડ આતંકીઓઃ કોઈ ગુનાહિત ઈતિહાસ ન ધરાવતા સામાન્ય યુવાનોને ઓનલાઈન કટ્ટરપંથી બનાવીને નાના હથિયારો (પિસ્તોલ) પૂરા પાડવામાં આવે છે. તેઓ કોઈ ચોક્કસ વ્યક્તિની હત્યા કરીને ફરી પોતાના સામાન્ય જીવનમાં ભળી જાય છે, જેમને સુરક્ષા પરિભાષામાં 'હાઇબ્રિડ ટેરરિસ્ટ' કહેવામાં આવે છે. રાજકીય વિશ્લેષકો અને પાકિસ્તાની મીડિયાના અહેવાલો પણ એ હકીકત સ્વીકારે છે કે પાકિસ્તાને જે આતંકવાદને પોતાના પાડોશી દેશો (ભારત અને અફઘાનિસ્તાન) સામે ઉપયોગ કરવા માટે પોષ્યો હતો, તે આજે ખુદ પાકિસ્તાનની આંતરિક સુરક્ષા માટે 'ભસ્માસુર' સાબિત થયો છે.

ઘડિયાળ વગરનો માણસ

ચાર્જિંગ પોઇન્ટ

હેતા ભૂષણ

અનિરુદ્ધ ઘડિયાળના કાંટે દોડનારો માણસ હતો; પાસે ત્રણ ઘડિયાળો હતાં. હાથમાં સ્માર્ટવૉચ, ફોનમાં ઘડિયાળ અને અનેક એલાર્મ અને ઓફિસના ટેબલ પર મોટી ડિજિટલ ઘડિયાળ. તે દરેક કામ મિનિટ પ્રમાણે કરતો. તેની ડાયરીમાં આરામ માટે પણ સમય નક્કી હતો.તેને ગર્વ હતો કે તે એક મિનિટ પણ બગાડતો નથી. પરંતુ આ સમય સાથે દોડવામાં તે ઘણું ગુમાવતો હતો પણ તેને ખબર ન હતી,તેની દીકરીના જન્મદિવસે તે વીડિયો મીટિંગમાં વ્યસ્ત રહ્યો. માતા સાથેની ચા હંમેશા ઠંડી થઈ જતી, મિત્રોના ફોન પછી વાત કરું કહી મૂકી દેતો અને પોતાની મનગમતી શાયરી લખવાનું તો ભૂલાય જ ગયું હતું. એક દિવસ ન બનવાનું થયું રસ્તામાં ટ્રાફિક હોવાથી તે મીટીંગમાં સમયસર પહોંચવા ચાલીને જતો હતો ત્યારે તેના હાથની સ્માર્ટ વોચ અચાનક ઘડિયાળ બંધ પડી... તે બેચેન થઇ ગયો.મોબાઈલમાં સમય જોવા નજર કરી તો મોબાઇલની બેટરી પણ પૂરી થઈ ગઈ હતી. પોતાને મોડું તો નથી થયુંને માટે સમય જાણવા માટે તે રસ્તા પરની એક જૂની પુસ્તકની દુકાનમાં ગયો અને કેટલા વાગ્યા તેમ પૂછ્યું દુકાનદાર એક વૃદ્ધ માણસ હતો.તેની જૂની દુકાનની ભીંત પર જૂની લોલકવાળી ઘડિયાળ વર્ષોથી બંધ પડી હતી તેણે દિવાલ પરની ઘડિયાળ તરફ જોયા વિના કહ્યું, 'ચાર વાગ્યા હશે.' અનિરુદ્ધે પૂછ્યું, 'તમારી ઘડિયાળ તો બંધ છે.તમને સમય કેવી રીતે ખબર?' વૃદ્ધે કહ્યું, 'ભાઈ રોજનો અનુભવ છે આ સામેની શાળામાંથી બાળકો છૂટે છે, ચાની દુકાને બીજી કીટલી ચડે છે, અને આ બારીમાં સૂરજનો પ્રકાશ આ ખૂણે આવે છે. વર્ષોથી આ બધું જોતો આવ્યો છું.આ બધું લગભગ ચાર વાગ્યાની આજુબાજુ જ થાય છે એટલે કહું છું કે ચાર વાગ્યા હશે...' અનિરુદ્ધને આશ્ચર્ય થયું. 'હા, પણ તમને બરાબર સમય જાણવાની જરૂર નથી લાગતી?' વૃદ્ધે એક પુસ્તક બંધ કરતાં કહ્યું, 'ભાઈ, સમયને બરાબર જાણવો જ જોઈએ પણ માત્ર યંત્રોમાં અને આંકડાઓમાં નહિ. આ વર્ષોથી બંધ ઘડિયાળ પણ દિવસમાં બે વાર સમય સાચો બતાવે છે એટલે જ હું સમયને ફક્ત આંકડામાં કે યંત્રોમાં નહીં, અનુભવોમાં પણ ગણું છું અને સાચવું છું.' આ વાક્ય અનિરુદ્ધના મનમાં ઘર કરી ગયું. બીજા દિવસે તેણે પોતાની ડાયરીમાં ત્રણ નવી નોંધો ઉમેરીઃ દીકરી સાથે નિર્વિઘ્ન અડધો કલાક, માતા સાથે ચા અને દર અઠવાડિયે એક શાયરી અચૂક આ બદલાવ કર્યા, મનગમતા કામને સમય આપ્યો તેથી હવે તેનું બધું કામ ઘડીયાળના કાંટે નહોતું થતું પણ ચોક્કસ થઇ જતું હતું હવે તે કામ સિવાય પણ સ્પર્શકની ભાર જીવન જીવવા લાગ્યો હતો, હજી પણ તે ઘડિયાળ પહેરતો હતો પરંતુ ફક્ત દરેક ક્ષણને માપવાને બદલે ક્યારેક તેને જીવતો પણ હતો. સમયની સાથે દોડો નહિ દરેક ક્ષણને જીવો.

ક્વાડ સામે ચીનનો પડકાર: ભારત માટે વ્યૂહાત્મક તક કે નવી કસોટી?

વિશ્વની રાજનીતિ હવે માત્ર સરહદો અને સૈન્ય શક્તિ સુધી મર્યાદિત નથી. સેમિકન્ડક્ટર, દુર્લભ ખનિજો, ઊર્જા અને ટેક્નોલોજી પણ દેશોની સુરક્ષા અને પ્રભાવ નક્કી કરે છે. ચીન આ ક્ષેત્રોમાં મજબૂત સ્થાન ધરાવે છે. તેથી ભારત સહિત અનેક દેશો હવે પોતાની સપ્લાય ચેઈનને વધુ સુરક્ષિત અને વૈવિધ્યસભર બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ જ પૃષ્ઠભૂમિમાં ૩૧ ઑક્ટોબર, ૨૦૨૬ના રોજ એટલાન્ટામાં ભારત, અમેરિકા, જાપાન અને ઑસ્ટ્રેલિયાના વિદેશમંત્રીઓની ક્વાડ બેઠક યોજાઈ. ચારેય દેશોએ વિશ્વસનીય સપ્લાય ચેઈન, મહત્વપૂર્ણ ખનિજો અને ઈન્ડો-પેસિફિકની સુરક્ષા અંગે સહકાર વધારવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી.

ચીનનું પ્રભુત્વ અને વિશ્વની ચિંતા

આધુનિક ઉદ્યોગોમાં ઉપયોગી એવા દુર્લભ ખનિજો, બેટરી, સેમિકન્ડક્ટર અને કેટલીક મહત્વપૂર્ણ ટેક્નોલોજી માટે વિશ્વ ચીન પર નોંધપાત્ર રીતે નિર્ભર છે. જો ચીન નિકાસ પર પ્રતિબંધ મૂકે અથવા પુરવઠો મર્યાદિત કરે, તો તેની અસર અનેક દેશોના ઉદ્યોગો પર પડી શકે છે. ક્વાડ દેશોએ બેઠકમાં કોઈ દેશનું નામ લીધા વિના મનસ્વી નિકાસ નિયંત્રણો અને બજારની બહારની નીતિઓ અંગે ચિંતા વ્યક્ત કરી. જોકે, આ ચર્ચા એવા સમયે થઈ છે જ્યારે ચીનના મહત્વપૂર્ણ ખનિજોના નિકાસ નિયંત્રણો અંગે વૈશ્વિક ચિંતા વધી રહી છે.

ભારત માટે તક ક્યાં છે?

ભારત માટે આ સહકાર માત્ર વિદેશનીતિનો મુદ્દો નથી. તે દેશના ઉદ્યોગો, રોજગાર અને ટેક્નોલોજી વિકાસ સાથે જોડાયેલો છે. જો ભારત મહત્વપૂર્ણ ખનિજોના પુનઃપ્રાપ્તિ અને રિસાયક્લિંગમાં ક્ષમતા વિકસાવે, તો આયાત પરની

વર્લ્ડ વૉચ

ડૉ. જયનારાયણ વ્યાસ

ભારતે ખનિજોની શોધ, પ્રક્રિયા, સંશોધન અને ઉત્પાદન ક્ષેત્રે પોતાની ક્ષમતા વધારવી પડશે, અન્યથા ભારત સપ્લાય ચેઈનનો ભાગ તો બનશે, પરંતુ નિર્ણાયક શક્તિ પ્રાપ્ત નહીં કરી શકે

નિર્ભરતા ઘટાડી શકે છે. ક્વાડના સંયુક્ત નિવેદનમાં ભારત અને આસિયાન દેશોમાં કચરામાંથી મહત્વપૂર્ણ ખનિજો મેળવવા માટે માળખાકીય સુવિધાઓને ટેકો આપવા અમેરિકાની ૧૦ મિલિયન ડોલરની પ્રતિબદ્ધતાનો ઉલ્લેખ છે.

પરંતુ માત્ર સહકારની જાહેરાત પૂરતી નથી. ભારતે ખનિજોની શોધ, પ્રક્રિયા, સંશોધન અને ઉત્પાદન ક્ષેત્રે પોતાની ક્ષમતા વધારવી પડશે, અન્યથા ભારત સપ્લાય ચેઈનનો ભાગ તો બનશે, પરંતુ નિર્ણાયક શક્તિ પ્રાપ્ત નહીં કરી શકે.

ક્વાડ શું ચીનવિરોધી ગઠબંધન છે?

ક્વાડને ઘણીવાર ચીનના વધતા પ્રભાવ સામે ઊભા થયેલા મંચ તરીકે જોવામાં આવે છે. પરંતુ અમેરિકાના વિદેશમંત્રી માર્કો રુબિયોએ સ્પષ્ટ કર્યું કે ક્વાડ કોઈ દેશવિરોધી ગઠબંધન નથી. તેના બદલે, આ મંચ ચોક્કસ પ્રકારની નીતિઓ અને વર્તન અંગે ચિંતા વ્યક્ત કરે છે. આ અભિગમ ભારત માટે મહત્વનો છે. ભારત ચીન સાથે સરહદી વિવાદ ધરાવે છે, પરંતુ બંને દેશો વચ્ચે વેપાર પણ થાય છે. ભારતે પોતાની સુરક્ષા જાળવવાની સાથે આર્થિક હિતોનું પણ રક્ષણ કરવું પડે છે. તેથી ભારત માટે ક્વાડનો ઉપયોગ સહકાર વધારવા માટે કરવો જરૂરી છે, કોઈ એક દેશ સાથેના સંબંધોને સંપૂર્ણપણે તોડી નાખવા માટે નહીં.

ટેક્નોલોજી અને સમુદ્રી સુરક્ષા

ક્વાડે ઈન્ડો-પેસિફિક વિસ્તારમાં વિશ્વસનીય કૃત્રિમ બુદ્ધિમત્તા ટેક્નોલોજીને ટેકો આપવા ૮૫ મિલિયન ડોલરથી વધુની સહાય અંગે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. સેમિકન્ડક્ટર સપ્લાય ચેઈનમાં ક્યાં નબળાઈ છે તે ઓળખવા માટે પણ નવી પહેલની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત હોર્મુઝની સામુદ્રધુની, લાલ સમુદ્ર અને બાબ અલ-મંડેબ જેવા મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગોમાં જહાજોની અવરજવર અને વેપારની સ્વતંત્રતા જાળવવા પર ભાર મૂકાયો છે. આ માર્ગો ઊર્જા અને વૈશ્વિક વેપાર માટે અત્યંત મહત્વના છે.

ભારતે હવે શું કરવું જોઈએ?

ક્વાડ ભારત માટે તક છે, પરંતુ આ તકનો લાભ ત્યારે જ મળશે જ્યારે ભારત પોતાની આંતરિક ક્ષમતાઓ મજબૂત બનાવશે. ખનિજ સંશોધન, સેમિકન્ડક્ટર ઉત્પાદન, રિસાયક્લિંગ, સંશોધન અને ઉદ્યોગોમાં રોકાણ વધારવું પડશે. વિદેશનીતિમાં ભારતે સહકાર અને સ્વતંત્રતા વચ્ચે સંતુલન જાળવવું જોઈએ. અમેરિકા, જાપાન અને ઑસ્ટ્રેલિયા સાથે સહકાર વધારવો જરૂરી છે, પરંતુ ભારતના નિર્ણયો ભારતના રાષ્ટ્રીય હિતને આધારે જ થવા જોઈએ. આખરે, ક્વાડની સફળતા નિવેદનોમાં નહીં, પરંતુ વાસ્તવિક ઉત્પાદન, સુરક્ષિત સપ્લાય ચેઈન અને ભારતની આર્થિક શક્તિમાં થયેલા વધારામાં માપવામાં આવશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

વોલ્ટર ક્રોકરની નજરે નહેરુ: એક વિદેશી રાજદ્વારીનું ઐતિહાસિક અને તટસ્થ મૂલ્યાંકન

એવાં કેટલાંક પુસ્તકો હોય છે જે માત્ર એક જ વાર વંચાય છે, અને એવાં પણ પુસ્તકો હોય છે જેની પાસે વ્યક્તિ વારંવાર પાછી ફરે છે. મારા માટે આવી બીજી શ્રેણીનાં પુસ્તકોમાં રવીન્દ્રનાથ ટાગોરનું 'નેશનાલિઝમ', બી. આર. આંબેડકરનું 'એનિહિલેશન ઓફ કાસ્ટ', સી. એલ. આર. જેમ્સનું 'બિયોન્ડ અ બાઉન્ડ્રી' અને વોલ્ટર ક્રોકરનું 'નહેરુઃ અ કન્ટેમ્પરરીઝ એસ્ટિમેટ' સામેલ છે. આ ચાર પુસ્તકોમાંથી છેલ્લું પુસ્તક સૌથી ઓછું જાણીતું છે, જે તેના વિશે લખવાનું મારું એક કારણ છે. બીજું કારણ એ છે કે આ કોલમ જવાહરલાલ નહેરુની 137મી જન્મજયંતી પર પ્રકાશિત થઈ રહી છે. વોલ્ટર ક્રોકર પહેલીવાર 1945માં ભારત આવ્યા હતા અને દેશનો પ્રાથમિક પરિચય મેળવવા થોડા અઠવાડિયા અહીં વિતાવ્યા હતા. તેઓ 1950ના દાયકામાં નવી દિલ્હીમાં ઓસ્ટ્રેલિયાના હાઈ કમિશનર તરીકે ત્રણ-ત્રણ વર્ષના બે અલગ-અલગ કાર્યકાળ માટે પાછા ફર્યા હતા. તેમનો ભારતમાં વિતાવેલો સમય જવાહરલાલ નહેરુના વડા પ્રધાન પદના સુવર્ણકાળ સાથે સુસંગત હતો. આ પુસ્તક એક વ્યક્તિ અને રાજકારણી તરીકે નહેરુના ઝીણવટભર્યા અવલોકનનું પરિણામ છે. પુસ્તકની શરૂઆત નહેરુના પરિવાર, શિક્ષણ અને તેમના પર પડેલા બૌદ્ધિક પ્રભાવોની વિગતોથી થાય છે. ક્રોકર એક લેખક તરીકે નહેરુના ગુણોથી ખૂબ પ્રભાવિત હતા. તેઓ નહેરુનાં ત્રણ મુખ્ય પુસ્તકોનો સારાંશ આપે છે અને તેમની આત્મકથા વિશે લખે છે કે તે એક અસામાન્ય અને આકર્ષક વ્યક્તિનું તમામ ખામીઓ અને ખૂબીઓ સાથેનું સચોટ ચિત્ર રજૂ કરે છે.

ક્રોકરના પુસ્તકનું મુખ્ય પ્રકરણ નહેરુના સત્તાકાળનાં વર્ષો સાથે સંબંધિત છે. વડા પ્રધાન તરીકે નહેરુની મુખ્ય સિદ્ધિ એ હતી કે ધાર્મિક દુશ્મનાવટ, ગરીબી, નિરક્ષરતા, અસમાનતા અને મુશ્કેલ પડોશી દેશો જેવી પ્રતિકૂળતાઓ છતાં તેમણે દેશને એકજૂટ રાખ્યો. તેમની બીજી સિદ્ધિ સંસદીય લોકશાહી અને સ્વતંત્ર સંસ્થાઓના વિકાસને પ્રોત્સાહન આપવાની હતી. ત્રીજી સિદ્ધિ તમામ ધર્મોના લોકો માટે ખુલ્લો બિનસાંપ્રદાયિક દેશ ઘડવાની હતી. સાથે જ તેમણે ખાસ કરીને મહિલાઓના અધિકારો માટે સામાજિક સુધારાઓનું નેતૃત્વ કર્યું હતું.

નહેરુની આર્થિક નીતિ પર ક્રોકરનો અભિપ્રાય મિશ્ર છે. તેઓ આધુનિક અર્થતંત્ર માટે જરૂરી ટેકનિકલ અને ઔદ્યોગિક માળખું ઊભું કરવા બદલ પંચવર્ષીય યોજનાઓની પ્રશંસા કરે છે, પરંતુ લાઈસન્સ અને નિયંત્રણોના વધારા તથા કૃષિ ક્ષેત્ર પ્રત્યેના દુર્લક્ષની ટીકા પણ કરે છે. ક્રોકરના મતે વડા પ્રધાનના મનમાં માર્ક્સવાદી અને ઉદારવાદી વિચારધારાઓ ગૂંચવાયેલી રહી હતી અને તેનો કાર્યક્ષમ સમન્વય થઈ શક્યો ન હતો.

ક્રોકર નહેરુના લાંબા સમય સુધી પદ પર ચાલુ રહેવાના નિર્ણયની પણ ટીકા કરે છે. તેઓ લખે છે કે જો નહેરુએ જીવનકાળ દરમિયાન અને સ્વાસ્થ્ય સારું હતું ત્યારે જ પદ છોડી દીધું હોત, તો તેમના અનુગામી અંગેની મૂંઝવણ તેમના જીવતા જ ઉકેલાઈ ગઈ હોત. પરિસ્થિતિ વણસે તો દેશની નૈયાને સ્થિર કરવા તેઓ પોતે હાજર પણ રહી શક્યા હોત, જેનાથી સંસદીય લોકશાહીને મદદ મળી હોત.

ક્રોકર એ વાતનો પણ અફસોસ વ્યક્ત કરે છે કે વલ્લભભાઈ પટેલના અવસાન પછી સરકારમાં નહેરુ સાથે કામ કરવા તેમના જેટલું જ કદ ધરાવતી કોઈ વ્યક્તિ ન હતી. ભારતમાં પોતાના કાર્યકાળ દરમિયાન આ રાજદ્વારી સી. રાજગોપાલાચારીના સારા પરિચયમાં આવ્યા હતા અને તેમની બુદ્ધિશક્તિ તથા વિચારોની સ્પષ્ટતાના પ્રશંસક બન્યા હતા. તેઓ માને છે કે જો નહેરુએ 1950ના દાયકાના મધ્યમાં રાજાજીને કેબિનેટમાં પાછા લાવ્યા હોત, તો તેઓ દક્ષિણ અને ઉત્તર ભારત વચ્ચે સેતુ બની શક્યા હોત. અન્ય મંત્રીઓથી વિપરીત તેઓ વડા પ્રધાનની 'હા'માં 'હા' ન મિલાવત અને ખાસ કરીને અર્થતંત્ર અંગેના અવિચારી કે અવ્યવહારુ વિચારોને પડકાર્યા હોત.

જોકે, આખરે બંને વચ્ચે સમાધાન અશક્ય બન્યું. કોંગ્રેસ દ્વારા હાંસિયામાં ધકેલાયા બાદ રાજાજીએ પોતાનો સ્વતંત્ર પક્ષ સ્થાપ્યો અને નહેરુની નીતિઓની આકરી ટીકા શરૂ કરી. ક્રોકર ખેદપૂર્વક લખે છે કે આઝાદી પછીના બે નિર્ણાયક દાયકાઓમાં ભારતને આ બંને મહાનુભાવોની જરૂર હતી, પરંતુ જોડાણ થવાને બદલે વિભાજન થયું.

ક્રોકર નહેરુના મૂલ્યાંકનમાં નિષ્પક્ષ છે અને એક વ્યક્તિ તરીકેના તેમના વ્યક્તિત્વની ઊંડી સમજ ધરાવે છે. તેઓ તે સમયના ભારતીયોમાં અસામાન્ય ગણાતા નહેરુના પ્રકૃતિ પ્રત્યેના ઊંડા રસ અને સામાન્ય નાગરિકો સાથે સંવાદ કરવાની તત્પરતા તરફ ધ્યાન દોરે છે. મોટાભાગની સવારે 8.30 વાગ્યે તેમના બગીચામાં મુલાકાતીઓનો પ્રવાહ રહેતો, જ્યાં કોઈપણ વ્યક્તિ પોતાની ફરિયાદ કે સૂચન લઈને આવી શકતી હતી. વિદેશી વડા પ્રધાનો કે રાષ્ટ્રપતિઓ દિલ્હી આવતા ત્યારે નહેરુ જે સહજતા અને આત્મીયતાથી તેમનું સ્વાગત કરતા તેની પણ ક્રોકર પ્રશંસા કરે છે.

ક્રોકર નહેરુના ભવ્ય છતાં સાદગીપૂર્ણ દેખાવની પ્રશંસા કરે છે. તેમના મતે નહેરુમાં દીપડા જેવી સહજ ચપળતા અને ગરિમા હતી. તેમનું વર્તન શિસ્તબદ્ધ અને સૌજન્યશીલ હતું. સંસદીય ચર્ચા

સમયાંતર

રામચંદ્ર ગુહા

અન્ય મંત્રીઓથી વિપરીત તેઓ વડા પ્રધાનની 'હા'માં 'હા' ન મિલાવત અને ખાસ કરીને અર્થતંત્ર અંગેના અવિચારી કે અવ્યવહારુ વિચારોને પડકાર્યા હોત

હોય, ડાઈનિંગ ટેબલ હોય કે ઈનામ વિતરણ જેવા સામાન્ય પ્રસંગો, નહેરુની ઉપસ્થિતિમાં વિશિષ્ટતા અને આકર્ષણનો સંગમ જોવા મળતો હતો. વડીલ મિત્રોએ મને 1950ના દાયકામાં ભારતીય વડા પ્રધાનની આસપાસ રહેલા પ્રભાવ વિશે જણાવ્યું છે. પ્રત્યક્ષ સાક્ષી રહેલા વોલ્ટર ક્રોકર લખે છે કે ભારતીય જનતામાં નહેરુની પ્રતિષ્ઠામાં જાદુઈ તત્વ હતું. આ પ્રતિષ્ઠા સમૂહ માધ્યમો દ્વારા વ્યક્તિત્વના પ્રચારને આભારી ન હતી, કારણ કે તે સમયે બહુ ઓછા ગ્રામજનો રેડિયો કે સિનેમાથી પરિચિત હતા અને ટીવી તો કોઈની પાસે ન હતું. નહેરુની અજોડ પ્રતિષ્ઠા પાછળ અનેક કારણો હતાંઃ ગાંધીજીએ તેમને પોતાના રાજકીય વારસદાર તરીકે પસંદ કર્યા હતા, તેમની હાજરીમાં આકર્ષણ હતું અને રાષ્ટ્રહિત પ્રત્યેનું સમર્પણ તેમને અન્ય રાજકારણીઓથી અલગ પાડતું હતું. એક ધનિક માણસે પોતાની સંપત્તિનો ત્યાગ કરી વર્ષો સુધી સામાન્ય ભારતીયો જેવું કઠિન જીવન જીવ્યું હતું અને થર્ડ ક્લાસમાં પણ મુસાફરી કરી હતી. ક્રોકર ઓક્સફર્ડમાં શિક્ષિત વિદ્વાન હતા અને તેમણે ખૂબ પ્રવાસ કર્યો હતો. યુરોપિયન તથા અમેરિકન રાજપુરુષોની કાર્યશૈલીનો અભ્યાસ કરવાની તક પણ તેમને મળી હતી. તેમના મતે વિશ્વના બહુ ઓછા નેતાઓએ પોતાના લોકોમાં નહેરુ જેટલી પ્રતિષ્ઠા મેળવી હશે અથવા આટલા લાંબા સમય સુધી જાળવી હશે. ભારતીય જનતાને અહેસાસ હતો કે નહેરુ માત્ર તેમની મદદ કરવા માગતા હતા અને પોતાના માટે કશું જ ઈચ્છતા ન હતા. તેઓ એવા શાસક હતા જેમના હૃદયમાં દયા અને કરુણા હતી. ક્રોકર એક વક્તા તરીકે પણ નહેરુની કુશળતાની પ્રશંસા કરે છે. તેમના મોટાભાગનાં ભાષણો પૂર્વતૈયારી વિના અને કોઈ નોંધ વગર થતાં. રાજકીય બાબતો ઉપરાંત ટેકનોલોજી, વિજ્ઞાન, કલા, નૈતિકતા, ઈતિહાસ અને જનકલ્યાણ જેવા વિષયો પર તેઓ બોલતા. અડધો કલાક અંગ્રેજીમાં બોલ્યા બાદ કોઈ નોંધ વગર એ જ વાત હિન્દુસ્તાનીમાં દોહરાવવાની તેમની ક્ષમતા પણ અદ્ભુત હતી. આપણે ઝેરી પક્ષપાત અને ભાષાના અવમૂલ્યનના યુગમાં જીવી રહ્યા છીએ. તેથી ક્રોકરના માધ્યમથી એ યાદ કરવું ઉપયોગી છે કે નહેરુના સંઘર્ષો વિચારો પૂરતા મર્યાદિત હતા, અંગત સ્વાર્થ માટે નહીં. તેમના માટે સાધ્ય ક્યારેય સાધનને યોગ્ય ઠેરવતું ન હતું. આ બંને ગુણો તેમને ગુરુ ગાંધીજી પાસેથી મળ્યા હતા. ક્રોકરના પુસ્તકની એક નબળાઈ એ છે કે તેઓ નહેરુના ચારિત્ર્ય અને વ્યક્તિત્વ પર મહાત્મા ગાંધીના પ્રભાવનું ઓછું મૂલ્યાંકન કરે છે. આ શાણા ઓસ્ટ્રેલિયન અવલોકનકાર લખે છે કે અબ્રાહમ લિંકનની જેમ નહેરુને જેમ-જેમ વધુ સત્તા મળતી ગઈ તેમ-તેમ તેમની કરુણા વધુ વિશાળ બનતી ગઈ. તેઓ સત્તા ઈચ્છતા હતા, પરંતુ કોઈ ઉદ્દેશ્ય માટે, પોતાના માટે નહીં. નહેરુ કેટલીક બાબતોમાં અજ્ઞાન અથવા ગેરમાર્ગે દોરાયેલા હોઈ શકે છે, પરંતુ તેઓ હંમેશા નિઃસ્વાર્થ હતા અને ભારતીયો તથા માનવજાતના હિતની જ ચિંતા કરતા હતા. વોલ્ટર ક્રોકરનું આ પુસ્તક લગભગ દરેક પાને ઊંડી સૂઝ ધરાવતી ટિપ્પણીઓથી ભરેલું છે. પ્રથમ વખત 1966માં પ્રકાશિત થયેલું આ પુસ્તક છ દાયકા પછી પણ જવાહરલાલ નહેરુ અને તેમના યુગ વિશેનું શ્રેષ્ઠ પુસ્તક બની રહ્યું છે. હું તેને વાંચવાની જેટલી ભલામણ કરું તેટલી ઓછી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

લાલકુઆ એક્સપ્રેસ

5 નવેમ્બરથી સુરત (ઉત્રાણ) થી લાલકુઆ જવા માટે નવી ટ્રેન શરૂ થઈ છે. લાલકુઆ નામ કદી સાંભળ્યું છે? સુરતીઓને જાણીને આનંદ થશે કે તે નૈનિતાલથી 60 કિ.મી. ના અંતરે આવેલું એક નાનું રેલવે સ્ટેશન છે. અત્યાર સુધી તો નૈનિતાલ જવા માટે વાયા દિલ્હી જવાનો ત્રાસ હતો. થોડા સમયથી મુંબઈથી કાઠગોદામની સાપ્તાહિક ટ્રેન ચાલે છે, પણ તેમાં ટિકિટ મેળવતાં દમ નીકળી જાય. આમ તો નૈનિતાલ એટલે હિમાલયનાં બીજા હિલ સ્ટેશનોની સરખામણીમાં મોંઘું, પણ રસપ્રદ વાત એ છે કે દિવાળીમાં નૈનિતાલ સહિત બધાં હિલ સ્ટેશનોમાં ઑફ સિઝન હોય છે. કારણ એટલું જ કે દિલ્હી, ઉત્તર પ્રદેશ અને પંજાબ જેવાં રાજ્યોમાં દિવાળીનું લાંબું વેકેશન હોતું નથી. દિવાળીમાં ગુજરાતનાં ફરવાનાં સ્થળો કે ગોવા જેવી જગ્યાએ હોટલના રૂમ માટે એક દિવસના 5થી 10 હજાર રૂપિયા ખર્ચવા કરતાં હિમાલયના હિલ સ્ટેશન પર જઈને 6થી 7 દિવસમાં ઓછા ખર્ચે પરત ફરી શકાય. ઑફબીટ સ્થળોએ ફરવાના શોખીનો માટે નૈનિતાલથી ટેક્સી કરીને કૌસાની, સત્તાલ, જાગેશ્વર, ચૌકોરી, બિનસર અને મુનસિયારી જેવાં સ્થળોએ પણ જઈ શકાય. રેલવેને વિનંતી કરીએ કે સુરતથી આ સાપ્તાહિક ટ્રેનને કાયમી કરવામાં આવે.

સુરત - કુમુદચંદ્ર વાઈવાલા

મનનો પૌષ્ટિક ખોરાક એટલે 'સદવાચન'

શરીરમાં જેમ હાઈજેનિક ખોરાક જોઈએ, શ્વાસ લેવા માટે ચોખ્ખી હવા જોઈએ અને શરીરને પીવા લાયક પાણી જોઈએ, તેમ મનને પણ તંદુરસ્ત વિચારોનો પ્રવાહ જોઈએ, જે સદવાચનથી મળે છે. સારું પુસ્તક હાથમાં આવે તો એક સારો દોસ્ત મળી ગયો સમજો. પુસ્તક એટલે વિદ્વાનો અને ચિંતકોએ લખેલા સ્વાનુભવ, વાંચન અને ચિંતન દ્વારા ઊભું થયેલું સંચિત જ્ઞાન. વારસામાં મળેલી અઢળક સંપત્તિની જેમ પુસ્તકોથી વૈચારિક વૈભવ મેળવી શકાય. પણ આજની મોર્ડન લાઈફમાં મોબાઈલ યુગમાં વાંચન ભુલાતું જાય છે. સિંગાપુર સરકારે નવતર નીતિ બનાવી છે. વાંચવાના પૈસા મળશે. સપ્ટેમ્બર મહિનાથી સિંગાપુર સરકારે એક સ્કીમ જાહેર કરી છે. લોકો જો રોજ 15 મિનિટ વાંચે તો વાંચનમાં 20 પોઈન્ટ મળશે. 1000 પોઈન્ટ ભેગા થાય એટલે ખાતામાં એક ડોલર જમા થશે. સિંગાપુર સરકારે નાગરિકો માટે વાંચનને વેગ આપવા સુપર માર્કેટ શોપિંગ કૂપન સ્કીમ પણ અમલમાં મૂકી છે. રકમ મામૂલી છે. માનવને મોબાઈલ સ્ક્રીન ટાઈમથી દૂર રાખી શારીરિક અને માનસિક તકલીફો ઓછી થશે. વિચારો બદલવાથી અનેક લાભ થશે. સિંગાપુરની વસ્તી 60 લાખ એટલે કે અમદાવાદ જેટલી છે. તેનો મુખ્ય ઈરાદો લોકોને મોબાઈલ સ્ક્રીનથી દૂર લઈ જઈ સારું સાહિત્ય પકડાવવાનો છે. 28 નેશનલ લાઈબ્રેરી ત્યાં છે. મૂળભૂત રીતે પ્રતિબદ્ધ અને વિચારવંત નાગરિકો પેદા કરવાની સરકારની ઈચ્છા છે. શું ભારતમાં આવું શક્ય બનશે?

સુરત - યોગેન્દ્ર પટેલ

દિવાળી ગ્રીટીંગ કાર્ડ બન્યા ભૂતકાળ

દિવાળી જેવા મોટા તહેવાર પર ગ્રીટીંગ કાર્ડ દ્વારા શુભેચ્છા પાઠવવાનો આનંદ હવે ભૂતકાળ બની ગયો છે. 21મી સદીમાં સ્માર્ટફોન અને સોશિયલ મીડિયાના વધતા ઉપયોગને કારણે ગણતરીની સેકન્ડોમાં દેશ-વિદેશમાં શુભકામનાઓ મોકલી શકાય છે. પરંતુ ડિજિટલ શુભેચ્છામાં પહેલાં જેવો અંગત સ્પર્શ અને લાગણીનો અનુભવ થતો નથી. એક સમય હતો જ્યારે લોકો બજારમાં જઈને ગ્રીટીંગ કાર્ડ પસંદ કરતા, તેના પર હસ્તાક્ષર સાથે લાગણીભર્યા શબ્દો લખતા અને પોસ્ટ કે કુરિયરથી મોકલતા. દિવાળીના દિવસોમાં પોસ્ટમેનની રાહ જોવાનો અને તે દસ-બાર ગ્રીટીંગ કાર્ડ લઈને આવે ત્યારે થતો આનંદ અનોખો હતો. પોસ્ટકાર્ડ પર લખેલી હસ્તલિખિત શુભેચ્છા પણ હૃદયને સ્પર્શી જતી. આજે મોટાભાગના શુભેચ્છા સંદેશાઓ કોપી-પેસ્ટ હોય છે. અનેક લોકો તો મેસેજ વાંચ્યા વિના જ ડિલીટ કરી દે છે. ટેકનોલોજીએ અંતર ઘટાડ્યું છે, પરંતુ સંબંધોમાંથી અંગત સ્પર્શ પણ ઓછો કર્યો છે. સમયની સાથે માધ્યમ બદલાય તે સ્વાભાવિક છે, પરંતુ લાગણીઓનું સ્થાન ટેકનોલોજી ન લઈ શકે. ગુજરાતમિત્રના માધ્યમથી સૌ વાચકોને દિવાળીની હૃદયપૂર્વક શુભકામનાઓ.

નવસારી - ડૉ. જે. એમ. નાયક

અંગ્રેજોની લૂંટ સામેનો મૂક પ્રતિકાર

કિરીટકુમાર ડુમસિયાએ ગાંધીજીની પોટડી વિશે જે ચર્ચાપત્ર લખ્યું છે, તેના અનુસંધાનમાં મારા વાંચન મુજબ, ગાંધીજી જ્યારે પંચમ જ્યોર્જને મળ્યા હતા ત્યારે જ્યોર્જે ચર્ચિલને કહ્યું હતું કે, તમે તો કહેતા હતા કે તેઓ અર્ધનગ્ન હોય તેવાં કપડાં પહેરે છે, પરંતુ આટલા નગ્ન હશે તેવી કલ્પના નહોતી. પંચમ જ્યોર્જ સાથેના વાર્તાલાપ દરમિયાન જ્યારે ગાંધીજીને પૂછવામાં આવ્યું કે તમે આવાં જ કપડાં કેમ પહેરો છો? ત્યારે ગાંધીજીએ જવાબ આપ્યો હતો કે મારા દેશની પ્રજાનાં કપડાં તમે લઈ લીધાં છે, તો હું કેમ પૂરાં કપડાં પહેરી શકું? ગાંધીજીના કહેવાનો અર્થ એટલો જ હતો કે તમે અમારા દેશને કપડાં સહિત લૂંટી લીધો છે.

સુરત - વિજય તુઈવાલા

ઈતિહાસને ઢાંકવાનો પ્રયાસ તો નથી ને?

સિંધુ ખીણની સંસ્કૃતિની આશરે 4,500 વર્ષ જૂની ચાર ઈંચની 'ડાન્સિંગ ગર્લ' પ્રતિમા ભારતના પ્રાચીન વારસાનું મહત્ત્વપૂર્ણ પ્રતીક છે. તેની કલાત્મકતા અને ધાતુકારીગરી આપણી ઐતિહાસિક સમૃદ્ધિ દર્શાવે છે. વર્ષ 2026માં આ પ્રતિમાને લઈને બે ઘટનાઓ ચર્ચામાં આવી છે. જૂનમાં NCERTના ધોરણ 9ના પાઠ્યપુસ્તકમાં પ્રતિમાના મૂળ ચિત્રને ડિજિટલ શેડિંગથી ઢાંકવામાં આવ્યું હતું. વિરોધ બાદ મૂળ તસવીર પુનઃસ્થાપિત કરવાની જાહેરાત થઈ હતી. બીજી તરફ, દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલયની હડપ્પા ગેલેરીમાંથી પણ આ પ્રતિમા ખસેડવામાં આવી છે. સંગ્રહાલયના જણાવ્યા મુજબ, નવા મ્યુઝિયમની તૈયારી માટે તેને અન્ય કલાકૃતિઓ સાથે ખસેડવામાં આવી છે. સવાલ એ છે કે આ પ્રતિમા ફરી ક્યારે સામાન્ય જનતા માટે પ્રદર્શિત થશે? તેના મૂળ સ્વરૂપને ઢાંકવાની કે છુપાવવાની જરૂર શા માટે ઊભી થઈ? સરકાર આ અંગે સ્પષ્ટતા કરે તે જરૂરી છે. ખજુરાહોનાં મંદિરોની પ્રાચીન શિલ્પકલા પણ આપણા વારસાનો અમૂલ્ય ભાગ છે. શું તેને પણ આજની વિચારધારાના આધારે બદલવામાં આવશે? સરકારો બદલાય છે, પરંતુ ઐતિહાસિક વારસો દેશની જનતાનો છે. ઈતિહાસને ઢાંકવાને બદલે તેનું મૂળ સ્વરૂપ જાળવવું અને આવનારી પેઢી સુધી પહોંચાડવું આપણી રાષ્ટ્રીય જવાબદારી છે. ઈતિહાસ બદલવાથી નહીં, સમજવાથી ગૌરવ વધે છે.

સુરત - નિલેશ ચૌહાણ

અમલસાડને સ્ટોપેજ આપો

અમલસાડ સ્ટેશન પૂર્વ અને પશ્ચિમનાં ઘણાં બધાં ગામો સાથે જોડાયેલું મહત્ત્વનું સ્ટેશન છે. આ ગામોના મુસાફરોને અમલસાડ સ્ટેશનથી મુસાફરી કરવી પડે છે. તેથી દહાણુ રોડ એક્સપ્રેસને વલસાડ-વડોદરા ઈન્ટરસિટી ટ્રેનની જેમ સ્ટોપેજ આપવામાં આવે તો ઘણા બધા મુસાફરોને ખૂબ મોટી રાહત મળે અને બીલીમોરા જવાની જરૂર ન પડે. રેલવેની આવકમાં પણ વધારો થાય અને રિઝર્વેશનની આવક પણ વધે. સવારે ફ્લાઈંગ રાણી પછી બપોરે 3 વાગ્યા સુધી કોઈ એક્સપ્રેસ ટ્રેન નથી હોતી. તેથી જો દહાણુ એક્સપ્રેસને અમલસાડમાં સ્ટોપેજ મળે તો મુસાફરોને ઘણી રાહત મળે. ચીકુ અને કેરીના વેપારનો પણ વિકાસ થાય. માટે રેલવે મંત્રાલયને વિનંતી છે કે અમલસાડને આવનારા નવા નૂતન વર્ષમાં સ્ટોપેજ આપવામાં આવે.

વડોદરા - જયંતીભાઈ પટેલ